ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૧૨-૭-૨૦૨૧, સોમવાર


# લ્યો બોલો.. બાયડના પૂર્વ ધારાસભ્યને મોડાસા તાલુકાના પ્રજાજનોની ચિંતા

## ધોળીયો ડુંગરનું ગેરકાયદે ખણન અટકાવવા માંગ, લોક આક્રોશને સમજવા વહીવટી તંત્રને અપીલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાને મોડાસા તાલુકાના પ્રજાજનોની ચિંતા હોવાનું રવિવારે જોવા મળ્યું. મોડાસા તાલુકાના ધોળીયા ગામે આસ્થાનું કેન્દ્ર ગણાતા ધોળીયા ડુંગરનું ગેરકાયદે ખણન થતાં સ્થાનિકોએ વિરોધ કર્યો છતાં ખણન કામગીરી બેરોકટોક ચાલી રહી છે. જ્યાં પૂર્વ ધારાસભ્ય પહોંચ્યા હતા અને લોકો સાથે સંવાદ કરી ઝાલા બાવજીનું આસ્થાનું કેન્દ્ર ગણાતા ધોળીયા ડુંગરનું ગેરકાયદે ખણન અટકાવવા માંગ કરી છે. લોક આક્રોશને સમજવા વહીવટી તંત્રને અપીલ કર્યાનું પણ જાણવા મળ્યું છે. રાજ્યમાં આમ આદમી પાર્ટીના આગમન પછી કેટલાક આગેવાનોના તેવર બદલાતાં તેની





અલગ અલગ અટકળો થઈ રહી છે..!!

છેલ્લા ૪ દિવસથી મોડાસા તાલુકાનું ધોળીયા ગામ અખબાર અને ટીવી ન્યુઝ માધ્યમોમાં છવાયેલું છે તેનું કારણ એ છે કે ધોળીયા ગામના લોકો ધોળીયા ડુંગરનું ખણન અટકાવવા અને તેમની આસ્થાને ઠેસ ન પહોંચે તે માટે તંત્ર સામે મોરચો માંડ્યો છે. ધોળીયા ડુંગર સાથે સ્થાનિક પ્રજાની આસ્થા જોડાયેલી છે અને એટલે જ વિરોધમાં વધુ લોકોનો સપોટ મળી રહ્યો છે. ઈતિહાસ પ્રમાણે ઝાલા બાવજીએ આ ડુંગરની અંદર ગાયો છૂપાવી હતી અને તેમનું રક્ષણ કર્યું હતું. જેના કારણે અહીં સફેદ પથ્થરનો ડુંગર છે અને તેના ઉપરથી ધોળીયો ડુંગર નામ પડ્યું. પૂર્વ ધારાસભ્યએ જણાવ્યું કે વર્ષ-૧૯૮૨ થી ડુંગર કે રેકર્ડમાં ગૌચર તરીકે આપેલ હતો તે પછી સરકારી પડતર બતાવીને ડુંગર ખણન તરીકે આપી તેમાંથી મળતો સફેદ પથ્થર મેળવવામાં આવી રહ્યો છે. આ ડુંગર હટાવવામાં આવે તો નજીકમાં આવેલ મેશ્વો નદીનું પાણી ગામમાં ઘૂસી જાય અને પ્રજાની માલ મિલ્કતને મોટું નુક્સાન થવાની દહેશત છે અને તેના કારણે જ ન્યાયિક ધોરણે ગ્રામજનોએ આંદોલનનો જંગ છેડ્યો છે. જવાબદાર તંત્ર ખણન કામગીરી યોગ્ય હોવાનો રાગ આલાપ્યો છે અને બીજી બાજુ લોકરોષ સતત વધી રહ્યો છે. બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ધોળીયા ગામે પહોંચ્યા હતા અને લોકરોષ સાંભળ્યા પછી તંત્રને ખણન અટકાવવા માટે અપીલ કરી છે. જોઈ એ પૂર્વ ધારાસભ્યનું આ મુદ્દે કેટલું ઉપજે છે..!!

### પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા તપાસના આદેશ

# ઉત્તર ગુજરાતની સરકારી પ્રા. શાળાઓમાં નિયમ વિરૂદ્ધ ઉચ્ચત્તર પગાર ધોરણના લાભ મેળવ્યાની ફરિયાદ

## અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠાના લાંચીયા કર્મચારીઓ સાણસામાં, પૈસા આપો તો જ કામ થતું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

રાજ્યની સરકારી પ્રા.શાળાના શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા માટે પૈસા આપો તો જ કામ થતું હતું. ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા ખુલ્લેઆમ પૈસા ખંખેરાતા હતા. મોંડે મોંડે પણ શિક્ષણ વિભાગે પ્રા.શિક્ષકોના હીતમાં નિર્ણય લઈ તપાસના આદેશ આપતાં અનેક જિલ્લાઓમાં પ્રા.શિક્ષકોને તેમના ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મેળવવા માટે મુખ્ય શિક્ષક મારફતે દરખાસ્ત મોકલી હોવા છતાં તાલુકા પંચાયતના શિક્ષણ શાખાની ઉચ્ચત્તર પગાર ધોરણ માટે કેસ દીઠ રૂા.૫ થી ૧૦ હજારનું ખુલ્લેઆમ ઉઘરાણું થતું હતું. મેઘરજ તાલુકામાં તો એક શિક્ષક આગેવાન સામે ખુલ્લેઆમ ઉઘરાણાની

### સંઘના હોદ્દેદારો, કચેરીમાં કામ કરતા શિક્ષકો વહીવટદાર બન્યાના ગંભીર આક્ષેપ

બાયડ : પ્રા.શિક્ષક સંઘના કેટલાક સ્થાનિક, જિલ્લા કક્ષાના હોદ્દેદારો તેમજ કચેરીમાં પડ્યા પાથર્યા રહેતા પ્રા.શિક્ષકો ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવું હોય તો લાભિત શિક્ષક પાસેથી પૈસા ઉઘરાવવાનું કામ કરતા હોવાના લોક આક્ષેપ જગજાહેર છે અને આવા કહેવાતા કર્મચારીઓ વહીવટદારની ભૂમિકામાં આવી કૌભાંડ કરતા હોય છે અને તેના કારણે સાચા નિર્દોષ શિક્ષકોને સેવાકીય લાભો માટે વર્ષો સુધી રાહ જોવી પડે છે.

### ૯ વર્ષ પુરાં થયાં અને ત્યાર પછીના ૨ થી ૩ વર્ષ સુધી લાભ ન મળ્યો, શિક્ષક આક્રોશ

બાયડ : કેટલાક પ્રા.શિક્ષકોએ પોતાનું નામ નહીં જણાવવાની શરતે ગાંધીનગર સમાચારને જણાવ્યું કે અમારી ફરજને ૯ વર્ષ પુરા થયા અને તેની ઉપર બીજા ૨ થી ૩ વર્ષ પસાર થઈ ગયા છતાં અમને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળ્યો નથી. કેટલાક કિસ્સાઓમાં નૈવેદ્ય ન આપીએ એટલે અમારી ફાઈલમાં કોઈને કોઈ ક્વેરી કાઢવામાં આવે છે. ક્યારેક તો આખે આખી દરખાસ્ત જ ગુમ થઈ જતી હોય છે.

મોટાભાગના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને તેમના ચમચાઓ દ્વારા ઉઘરાણું થતું હતું તેવી ફરિયાદ પછી રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા સહિત રાજ્યના ૫ જિલ્લામાં ઉચ્ચત્તર પગાર ધોરણ મળવા અંગેની ન્યાયિક તપાસ કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે અને માંગવામાં આવેલ વિગતો તા.૨૫ જુલાઈ સુધીમાં મોકલી આપવા તાકીદ કરાઈ છે. પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા આદેશ વછૂટતાં જ લાંચીયા કર્મચારીઓનાં બ્લડપ્રેશર વધી ગયાં છે. મોટાભાગના જિલ્લાઓમાં પ્રા.શિક્ષકો પાસે ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકારી પ્રા.શાળાના શિક્ષકોને તેમના સેવાકાળ દરમ્યાન

### પ્રાથમિક-ઉચ્ચ પ્રાથમિક મહેકમ મુજબ સીનીયોરીટી યાદી બનાવો

બાયડ : પ્રા.શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવામાં પણ અનહદ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને આ માટે ઉત્તર ગુજરાતના ૩ સહિત રાજ્યના કુલ-૫ જિલ્લામાં ન્યાયિક તપાસના આદેશ વછૂટ્યા છે. ત્યારે કેટલાક પ્રા.શિક્ષકોએ જણાવ્યું કે પ્રા.શિક્ષણ વિભાગ હવે મક્કમ બન્યો છે ત્યારે પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં મહેકમ મુજબ સીનીયોરીટી યાદી તૈયાર થવી જોઈએ. સમાન ન્યાયે સેવાપોથી ગાંધીનગર મોકલવી જોઈએ તેમ પણ જણાવ્યું.

૯, ૨૦ અને ૩૧ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય છે પરંતુ અરવલ્લી, સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના મોટાભાગના ભ્રષ્ટ ટોળકીના કારણે પ્રા.શિક્ષકોને સેવાકીય લાભ સમયસર આપતા ન હતા. દરખાસ્તો તૈયાર કરવાથી મોંડી જિલ્લા મંજૂરી, એલ.એફ. મંજૂરી, સેવાપોથી નોંધ, પગાર આકારણી, પૂરવણી બીલ જેવા તમામ કાર્યો માટે ટેબલ ઉપર કવર મૂકો તો જ કામ આગળ વધતું અને આંગળીઓ ચિંધાઈ હતી. આખરે પ્રા.શિક્ષકોને તેમના ઉચ્ચત્તર પગારના લાભ આપવામાં થઈ રહેલા વિલંબ અને શોષણની ગુંજ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પહોંચી જ્યાં નાયબ શિક્ષણ નિયામક એમ.કે.રાવલ દ્વારા ઉત્તર ગુજરાતના ૩ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીને પરીપત્ર કરી પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણ મળવા અંગેની ન્યાયિક તપાસ કરવા જણાવ્યું છે અને ૨૦૧૮ થી આજદિન સુધીના ઉચ્ચત્તર પગાર ધોરણ માટે પાત્રતા ધરાવતા શિક્ષકોની સેવાપોથી, લોકલ ફંડ ગાંધીનગરને મોકલેલ હોય તેની તાલુકાવાર યાદી રજૂ કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં આજે અષાઢી બીજની ઉજવણી

## ઈડરમાં રથયાત્રા યોજાશે, મોડાસામાં માત્ર મંદિર પરીસરમાં રથયાત્રાનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

આજે તા.૧૨ જુલાઈ, અષાઢી બીજની સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉજવણી થશે. કોરોનાના કારણે રથયાત્રા યોજવા ઉપર કેટલાંક નિયંત્રણો લદાતાં મોડાસા, ખેડબ્રહ્મા અને બાયડમાં રથયાત્રાનું આયોજન મોકૂફ રહ્યું છે. ઈડરમાં જૂજ લોકોની ઉપસ્થિતિમાં રથયાત્રા યોજાશે. જેના કારણે ભક્તજનોમાં નિરાશા જોવા મળી છે.

રથયાત્રા માટે તંત્ર દ્વારા અનેક વિસ્તારોની આયોજક સમિતિને પરવાનગી ન અપાતાં રોષ જોવા મળ્યો છે. પરંતુ છેવટે વહીવટી તંત્રના આદેશનો સ્વીકાર કરવો પડતો હોય છે. સાબરકાંઠા, અરવલ્લીમાં મોડાસા અને ઈડરની રથયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હોય છે અને જય રણછોડ, માખણ ચોર..ના નારા સાથે રથયાત્રા નિર્ધારીત કરેલા રૂટ ઉપરથી પસાર થાય ત્યારે ઠેર ઠેર તેનું સ્વાગત અને કેટલાક વિસ્તારોમાં કોમી એખલાસના દ્રશ્યો જોવા મળતા હોય છે. મોડાસામાં રથયાત્રા યોજવા માટે પરવાનગી આપવામાં આવી હતી પરંતુ કોરોનાના સંક્રમણના કારણે રથયાત્રા મોકૂફ રાખવામાં આવી છે. ઈડરમાં આજે નિકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાની તૈયારીઓને રવિવારે રાત્રે આખરી ઓપ આપવામાં આવ્યો હતો. તંત્રએ આપેલી પરવાનગી મુજબ જ રૂટ ઉપર રથયાત્રા પ્રસ્થાન કરશે. રથયાત્રા યોજાવવાની છે અને જ્યાં નથી યોજાવવાની ત્યાં પણ પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ઉભો કરવામાં આવ્યો છે. ટૂંકમાં જિલ્લામાં જ્યાં રથયાત્રા નિકળવાની છે ત્યાં ભક્તો વિના રથયાત્રા યોજી પરંપરા જળવાશે પરંતુ આયોજકોમાં પણ ઉત્સાહ ન હોવાનું સ્પષ્ટ જોવા મળ્યું. ઈડરમાં નિકળનારી રથયાત્રામાં મંદિરના સેવકો, કર્મચારીઓ સહિત માત્ર જૂજ વ્યક્તિઓને જોડાવવા માટેની પરવાનગી આપવામાં આવી છે.

# બાયડમાં વિકરાળ ટ્રાફીકની સમસ્યા, બાયપાસ સંભવ ન હોય તો ફલાયઓવર એકમાત્ર આશા..!!

## માર્ગનું સમારકામ અધુરૂ મૂકતાં ગમખ્વાર અકસ્માતનો ભય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

બાયડમાં ટ્રાફીક સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓ ધમધમશે ત્યારે સ્થિતિ વધુ વણસી શકે છે. આ સંજોગોમાં બાયપાસ સંભવ ન હોય તો ફલાય ઓવર એકમાત્ર આશા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં એકપણ શહેરી વિસ્તારમાં ફલાયઓવર નસીબ થયો નથી આ સંજોગોમાં બાયડની વિકરાળ સમસ્યાને ધ્યાને રાખી રાજ્ય સરકાર ફલાયઓવરનું નિર્માણ કરી પ્રજાને ટ્રાફીકના માથાના દુઃખાવારૂપ બનેલા સંકટમાંથી જલ્દીથી બહાર લાવી શકે છે.

મોડાસા-બાયડ-ધનસુરા-કપડવંજ હાઈવેનું નવીનીકરણ થયા પછી વર્ષે કરોડોનો ટેક્ષ ઉઘરાવતી કંપનીએ ખાસ કરીને બાયડમાં રોડના સમાકામમાં વેઠ વાળી છે. તેની તપાસ થાય તો એજન્સી અને નડીયાદ તાબાના અધિકારીઓની સાંઠગાંઠનો પર્દાફાશ થઈ શકે છે. બાયડ પ્રાંત કચેરીથી રીલાયન્સ પંપ નજીકથી પસાર થતી વાત્રક કેનાલ પાસે પાછલા ૫ વર્ષમાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૫ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ઊંટની પીઠ જેવા ખરબચડા માર્ગ છતાં વિભાગના અધિકારીઓ માત્ર એકાદ-બે થીગડાં લગાવી રવાના થઈ જાય છે. પરંતુ બાયડમાંથી પસાર થતા ૨.૫ કી.મી. માર્ગનું સંપૂર્ણ સમારકામ નહીં થાય તો લોક આંદોલનના ભણકારા વાગી રહ્યા છે અને આ સાથે જ બાયડમાં ધંધા-રોજગાર વધ્યા પછી ટ્રાફીકની સમસ્યા પણ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે અને તેના માટે એકમાત્ર બાયપાસ રોડ વિકલ્પ હતો પરંતુ બાયપાસ રોડમાં કેટલાક લોકો દ્વારા રોળાં નાખવામાં આવે તેવી દહેશત છે. આ સંજોગોમાં એકમાત્ર ફલાયઓવર બ્રીજ વિકલ્પ છે. સ્થાનિક નેતાગીરી ઉપરાંત જિલ્લા વહીવટી તંત્રએ પણ બાયડની ટ્રાફીક સમસ્યાને ધ્યાને રાખી ફલાય ઓવર બ્રીજ માટે સરકારમાં દરખાસ્ત કરવાનો સમય આવી ગયો છે.

# પ્રાંતિજના સાંપડ મહાકાલી મંદિર સંકુલમાં ‘અખંડ ધુણા’નું ઉદ્‌ઘાટન કરવામા આવ્યું

## હિંમતનગર નગરપાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ બી.રાજપુરોહિતના હસ્તે ઉદ્‌ઘાટન કરવામા આવ્યું : રાજકીય આગેવાનો સહિત માઈ ભકતો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ મુકામે આવેલ શ્રી મહાકાલી માતાજીના મંદિર સંકુલ મા તારીખ ૧૧ મી જુલાઈના રોજ અંખડ ધુણા નુ ઉદ્ઘાટન કરવામા આવ્યુ હતું.

પ્રાંતિજ નજીક આવેલ



સુપ્રસિધ્ધ યાત્રાધામ સાંપડ મહાકાલી માતાના મંદિર ના પ્રાંગણ મા અદ્ભુત અલૌકિક અને અનોખા અંખડધુણા નુ ઉદ્‌ઘાટન કરવામા આવ્યુ હતુ જેમા સમારંભ ના પ્રમુખ તરીકે સાબરકાંઠા જિલ્લા પંચાયત ના કારોબારી અધ્યક્ષ વિપુલભાઈ પટેલ, હિંમતનગર નગરપાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ બી.રાજપુરોહિત દ્વારા ઉદ્‌ઘાટક, પી.પી.રાવલ, રણછોડ ભાઈ પટેલ, મહેન્દ્રભાઈ કે.મિસ્ત્રી, મંદિર ના પ્રમુખ દિલીપસિંહ રાઠોડ, મંત્રી જયંતિભાઈ પટેલ સહિત ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા તો મંત્રી જયંતિભાઈ પટેલ દ્વારા મંદિર ના વિકાસ અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને મંદિરના પ્રાંગણમાં નવ નિર્મિત ભવ્યાતિભવ્ય અલૌકિક અને અનોખા અખંડ ધુણાના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત સર્વે નો આભાર માન્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં વિશ્વ વસતી દિવસની ઉજવણી




બાયડ / ભિલોડા (બ્યુરો ઓફિસ) તા.૧૧

અરવલ્લી જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની નિગરાની હેઠળ દરેક તાલુકામાં વિશ્વ વસતી દિવસની રવિવારે ઉજવણી કરવામાં આવી હતી. ભિલોડામાં તાલુકા આરોગ્ય કચેરીથી જનજાગૃતિ રેલી યોજવામાં આવી. જેમાં સૂત્રો અને બેનરો સાથે સંદેશાઓ આપવામાં આવ્યા હતા. રેલીમાં તાલુકા આરોગ્ય નિરીક્ષક આર. એ. વણકર, આર.બી.એસ.કે. મેડીકલ ઓફીસર, બ્લોક હેલ્થ વિઝીટર, ફિમેલ હેલ્થ વર્કર, મ.પ.વ. કાર્યકર, આશા કાર્યકર, આશા ફેસીલેટર વગેરે જોડાયા હતા. રેલી દરમ્યાન નાના કુટુંબના ફાયદા, વસતી વધારાની સમસ્યાઓ વિશે લોકોને સમજ આપવામાં આવી હતી. ભિલોડા ટી.એચ.ઓ. ડાં.એ.જે. વૈષ્ણવની નિગરાની હેઠળ વિશ્વ વસતી દિવસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભારે વરસાદની આગાહી પણ ... : સાબરકાંઠા, અરવલ્લીના ૧૧ તાલુકામાં વરસાદનાં છબછબીયાં

## રવિવારે ભયંકર બફારાથી પ્રજા ત્રાસી, વરસાદની ચાતક નજરે રાહ જોતા ધરતીપુત્રો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી વચ્ચે પાછલા ૨૪ કલાક જમીનમાં વાવેતર થયેલ ખરીફ ખેતી હવે મૂરઝાઈ રહી છે અને રવિવારે ભારે વરસાદની આગાહી વચ્ચે માત્ર ઝરમરીયો

### પાછલા ૨૪ કલાકમાં વરસાદ..

| તાલુકો | વરસાદ (મિમીમાં) |
|---|---|
| મોડાસા | ૦૨ |
| મેઘરજ | ૦૩ |
| માલપુર | ૦૬ |
| ભિલોડા | ૦૫ |
| ધનસુરા | ૦૨ |
| ખેડબ્રહ્મા | ૦૪ |
| તલોદ | ૦૨ |
| પ્રાંતિજ | ૦૫ |
| પોશીના | ૧૩ |
| વિજયનગર | ૦૨ |
| હિંમતનગર | ૦૪ |

દરમ્યાન સાબરકાંઠા, અરવલ્લીના ૧૪ પૈકી ૧૧ તાલુકામોમાં વરસાદનાં છબછબીયાં જોવા મળ્યાં જેના કારણે પરોઢ સુધી ઠંડક જોવા મળી સવારથી ભયંકર બફારાથી પ્રજા ત્રાસદાયક સ્થિતિ અનુભવી હતી. જિલ્લામાં લાખો હેક્ટર વરસાદ વરસતાં ધરતીપુત્રો નિરાશ થયા છે. જિલ્લાના પોશીનામાં ૧૩ મિમી, માલપુર ૬ મિમી, ભિલોડા-પ્રાંતિજ ૫-૫ મિમી વરસાદ નોંધાયો છે.

જુલાઈ મહિનો પણ સડસડાટ પસાર થઈ રહ્યો છે. વરસાદની ખાદ્ય સતત વધી રહી છે જેથી ખેતી ક્ષેત્રે ચિંતાજનક ચિત્ર ઉપસવા લાગ્યું છે. વરસાદ માટેની અરબી સમુદ્રમાં બે સીસ્ટમ ઉભી થતાં ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી થઈ હતી. મોંડી રાત્રે કાળાં ડીબાંગ વાદળો ઘેરાયા પછી અપેક્ષા મુજબ ન વરસતાં ધરતીપુત્રો અને ધોધમાર વરસાદ ઝંખતી પ્રજા નિરાશ જોવા મળી. વરસાદની આગાહીના પગલે અનેક લોકોએ રવિવારે વન-ડે પિકનીકના આયોજન કર્યા હતા તે મુલત્વી રાખ્યા હતા પરંતુ રવિવાર કોરો ધાક્કોર બપોર સુધી જોવા મળ્યો અને વન-ડે પિકનીકમાં નહીં જવાનો વસવસો અનેક પ્રકૃતિ પ્રેમીઓના મુખ ઉપર જોવા મળતો હતો. જે રીતે ભયંકર બફારો શરૂ થયો છે તે જોતાં કેટલાક બુઝર્ગોએ આગામી ૧૨ થી ૨૦ કલાકમાં વરસાદ વરસશે તેવી આગાહી કરી છે. અત્યારે



તો માત્ર ધોધમાર વરસાદ વરસે તો જ મૂંરઝાતી ખેતીને બચાવી શકાય.